# Telephone conversation between Prime Minister and PM of Kuwait

April 01, 2020

## વડાપ્રધાન અને કુવૈતનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 01, 2020

આજે વડાપ્રધાને કુવૈત રાજ્યનાં વડાપ્રધાન મહામહિમ શેખ સબાહ અલ-ખાલેદ અલ-હમાલ અલ-સબાહ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને કુવૈતનાં મહામહિમ અમિર, રાજવી પરિવાર, અને કુવૈતનાં લોકોનાં સારા આરોગ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેણે અગત્યતા ઉપર ભાર મૂક્યો હતો કે ભારત કુવૈત સાથેનાં તેનાં સંબંધોથી જોડાયેલું છે, જે ભારતનાં વ્યાપક પાડોશીઓનું એક મૂલ્યવાન સભ્ય છે.

બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 મહામારીનાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રિય પાસાઓની ચર્ચા કરી હતી. તેઓ સંમત થયા હતા કે આ આરોગ્યની કટોકટી દરમિયાન માહિતીનું આદાન-પ્રદાન કરવા અને સહકાર અને પારસ્પરિક સમર્થનનાં ક્ષેત્રોની ખોજ કરવા તેઓનાં અધિકારીઓ નિયમિત સંપર્ક જાળવી રાખશે.

કુવૈતનાં વડાપ્રધાન મહામહિમે ભારપૂર્વક કહ્યું હતું કે કુવૈત સ્ટેટ કુવૈતમાં વિશાળ ભારતીય સમુદાયનાં યોગદાનોનું અને મોટું મૂલ્ય આંકે છે, અને વર્તમાન પરિસ્થિતિમાં તેઓની  સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવાનું ચાલું રાખશે. વડાપ્રધાને આ પ્રકારની પુનઃખાતરી માટે સસ્નેહ આભાર માન્યો હતો અને પ્રશંસા કરી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 01, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.